**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા** (જાન્યુઆરી, ૨૦૦૬)

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦** | **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીય ખંડ - પ્રશ્નપત્ર-૧** | **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. સર્પની લાળના દૃષ્ટાંતનો સિદ્ધાંત
૨. માહાત્મ્ય સહિત ભક્તિ આવવાનો ઉપાય : વર. ૩ પ્રમાણે
૩. નિર્વિકલ્પ નિશ્ચયના પ્રકાર અને સ્વરૂપ. (લો. ૧૨)
૪. માટે સર્વ પોતાની ઈન્દ્રિયોને જીતીને વશ કરે તે જ સદા સુખિયો રહે છે.
૫. સંગશુદ્ધિ

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. 'જેમ વ્રજની પૃથ્વી ........................................................ ધામને પામી રહ્યો છે.'
૨. તે શ્રુતિમાં કહ્યું છે ..................................................... તેને પ્રાપ્ત થાય છે.
૩. અને વળી જે ભગવાન છે તે ...................................... ભગવાન જેવા તો થતા જ નથી.
૪. અને એવા જે આ પ્રત્યક્ષ ................................ ને પૂજવા યોગ્ય છે.
૫. 'માટે સત્પુરુષને વિષે ........................... એ જ સાધન છે.'

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. સંતની સેવા
૨. સત્સંગ

**('સનાતન ધર્મ અભિગમ'ને આધારે)**

**પ્રશ્ન.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. આહારશુદ્ધિ અને શાકાહારના ફાયદા
૨. બ્રહ્મચર્યનો મહિમા અને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય
૩. મૂર્તિપૂજાની આવશ્યકતા

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ-૨, ૩ અને ૪ ' નવી આવૃત્તિને આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. શ્રીજીમહારાજની ભક્તવત્સલતા
૨. શ્રીહરિએ કરેલ સમાજની કાયાપલટ
૩. ઉત્સવો દ્વારા સંપ્રદાયનું સંગઠન અને વિકાસ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે ટૂંકનોંધ લખો.** (ગુણ ૨૦)

૧. શ્રીજીમહારાજે કરેલી દેહાખાચરની રક્ષા
૨. શાંતિ તો મહારાજનાં ચરિત્રોમાં જ છે.
૩. મહારાજનું અંતર્યામીપણું કામમાં ન આવ્યું.
૪. જાળિયાની જવરલીલા

નોંધ : (૧) **ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ માર્ચ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર વર્ગસુપરવાઇઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર પ્રાપ્ત કરીને, પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડીને, વર્ગસુપરવાઇઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

(૪) દરેક મુખ્ય પ્રશ્નના જવાબનું લખાણ નવા પાનેથી જ શરૂ કરવું.

(૫) અભ્યાસક્રમનાં પુસ્તકોને જ આધારરૂપ ગણીને લખેલ જવાબ માન્ય ગણાશે.

❊ ❊ ❊